હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૭૬, વર્ષ : ૩૭, અંક : ૦૫
૦૧-માર્ચ, ૨૦૨૬

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

एषः रङ्गोत्सवः भवतां जीवनेषु प्रेम्णः रक्ततां, साफल्यस्य
नीलतां, हर्षस्य पीततां, शान्तेः च शुभ्रताम् आनयतु!

**અર્થ :** રંગોનો આ તહેવાર તમારા જીવનમાં પ્રેમની લાલાશ, મિત્રતાની ગુલાબી, સફળતાની નીલાશ, આનંદની પીળાશ અને શાંતિની સફેદી લાવે!

आयुर्धनं शुभ्रय शोवितानं, निरामयं जीवनसंविधानम्।
समागतो होलिकोत्सवोऽयं, ददातु ते माङ्गलिकं विधानम्।।

**અર્થ :** આ હોળીનો તહેવાર તમને લાંબુ આયુષ્ય, સંપત્તિ, નિર્દોષ ખ્યાતિ, સ્વસ્થ જીવન અને સન્માન આપે. આ હોળીનો તહેવાર તમારા પર શુભ આશીર્વાદ વરસાવે.

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

માનવજગત નવી શોધો અને ટેકનોલોજીના ઉપયોગને કારણે જીવનના રંગોથી સુસ્ત થતો જોવાય છે. ભારતીય સંસ્કૃતિમાં સમય અનુસાર વિવિધ કાર્યક્રમો/તહેવારોની ઉજવણી કરી ઉર્જાવાન બનવાની પરંપરા રહેલી છે. આ તહેવારોનું ધાર્મિક મહત્ત્વ તો રહેલું છે સાથે સાથે વૈજ્ઞાનિક મહત્ત્વ પણ છે. આપણા દરેક તહેવારો અધર્મ પર ધર્મના વિજયના પ્રતીક છે.

ફાગણ સુદ પૂર્ણિમાએ મનાવાતી હોળી પણ આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ છે. અમીરી-ગરીબી, જાત-પાતના ભેદભાવ ભૂલીને ઉજવાતો ઉત્સવ હોળી એ માત્ર રંગોનો તહેવાર નથી પરંતુ વૈદિક દ્રષ્ટિએ તેનું ઉંડું આધ્યાત્મિક અને સામાજીક મહત્વ છે. તેની પાછળ ગહન વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક કારણો છુપાયેલા છે. હોળીનું વૈદિક દ્રષ્ટિએ અગ્નિ ઉપાસના અને શુધ્ધિ એટલે કે વૈદિક પરંપરામાં અગ્નિને દેવતાઓનું મુખ માનવામાં આવે છે. હોલિકા દહન એ હકીકતમાં એક સામૂહિક યજ્ઞ છે.

હોળીમાં કપૂર, ગાયનું ઘી, છાણાનાં ઉપયોગ થાય છે તેનાથી વાતાવરણમાં રહેલા નુકશાનકારક બેક્ટેરિયાનો નાશ થાય છે. શિયાળાની ઋતુ શરીરમાં એકઠો થયેલો કફ હોળીની પ્રદક્ષિણા કરવાથી તેની ગરમી શરીરને મળવાથી કફ નાશ પામે છે અને સ્વાસ્થ્યમાં સુધારો થાય છે. નવા ધાન્યને અગ્નિમાં શેકીને 'હોળા' તૈયાર કરી દેવતાઓને અર્પણ કરવામાં આવે છે જેને 'નવાન્નયજ્ઞ' કહેવામાં આવે છે. પ્રકૃતિનો આભાર માનવાની આ એક પ્રણાલિ છે. હોલિકા દહનમાં ભક્ત પ્રહલાદ અને હોલિકાની કથા એ આસુરી શક્તિ ઉપર દૈવી શક્તિનો વિજય દર્શાવે છે તેમજ અહંકાર, ઈર્ષ્યા અને ખરાબ વૃત્તિઓના નાશનું પ્રતિક છે. બધા સાથે મળીને આ



ઉત્સવ ઉજવતા હોઇ સામાજિક સમરસતા - એકતા મજબૂત બનતી હોય છે. હોળી ઋતુ પરિવર્તનનો (શિયાળામાંથી ઉનાળામાં પ્રવેશ) ઉત્સવ છે. સૂર્યના કિરણો ધરતી ઉપર સીધા પડે અને શરીરમાં આળસ અને વ્યાધિઓ વધે આ માટે હોળી પછી ૧૫ દિવસ મીઠા વગરનું ભોજન લેવું. લીમડાના કુમળા પાન અને કાળા મરી ચાવી પાણી પીવાથી સ્વાસ્થ્યમાં ફાયદો થાય છે. ઋતુ પરિવર્તનને કારણે શરીરમાં બેક્ટેરિયાની વૃધ્ધિ ઝડપથી થાય એટલે હોળીની આસપાસ પ્રદક્ષિણા કરવાથી શરીરમાં રહેલ આળસ અને જીવાણુઓનો નાશ થાય છે.

હોળીનો બીજો દિવસ એટલે રંગોત્સવ. હોળીના બીજા દિવસે ધૂળેટીનો તહેવાર આવે છે. એકબીજાને ગુલાલ લગાવવી અને રંગ છાંટવો, સામાજીક મેળ મિલાપ અને ભાઈચારાની એકતાનું પ્રતિક છે. આ બહાને લોકો બધા જ મતભેદ ભુલીને એક થઈ જાય છે. હોળીનું મનોવૈજ્ઞાનિક મહત્વ પણ છે. લોકોના મનમાં ઘણાં પ્રકારના મનોવિકાર છુપાયેલા રહે છે. આ સમાજના ભયથી કે

શાલીનતાવશ પ્રગટ નથી થતાં. પરંતુ હોળીના દિવસે વ્યક્તિ હાસ પરિહાસ, ઉપહાસ, મશ્કરી, મજાક–મસ્તીના માધ્યમથી બધી જ ખરાબ ભાવનાઓ છુટી જાય છે. આ રીતે વ્યક્તિ તન–મનથી પોતાની જાતને હલ્કી–ફૂલ્કી અનુભવે છે. રંગની પિચકારી અને ગુલાલથી રમવાની પ્રથા તે સંકેત આપે છે કે હવે ઠંડીની ઋતુ પૂર્ણ થઈ ગઈ છે અને ગરમીના દિવસો ચાલુ થઈ ગયાં છે. રંગો આપણા મૂડ અને સ્વાસ્થ્ય ઉપર સીધી અસર કરે છે. વિવિધ રંગોના માધ્યમથી ઉજવાતી ધૂળેટી, કેસુડાના ફૂલોથી આનંદભર રમાતો તહેવાર માનસિક શાંતિ આપે છે અને તણાવથી દૂર થાય છે. જે દેશોમાં ફૂલોથી હોળી નથી રમાતી અથવા જે લોકો ફૂલોથી હોળી રમતા નથી તેમનામાં ઓછી સહનશક્તિ જોવા મળે છે અને તેઓ હાઇ બી.પી., એટેક અને માનસિક ચીડિયાપણાનો ભોગ બનતા હોય છે. હોળી એ લાગણીઓના રેચનનું માધ્યમ છે. પોતાના અંદર રહેલી અન્ય વ્યક્તિ માટેની કડવાશ બહાર કાઢી તણાવ મુક્ત બની આ ઉત્સવનો અનેરો આનંદ લઇ માનસિક ભાર હળવો કરતો ઉત્સવ સહુ સાથે મળી ઉજવીએ. રંગોત્સવની સૌને શુભેચ્છાઓ.

તા. ૦૧-૦૩-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# કૉલેજ ન્યુઝ

## અભિયાન




❊ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં 'તમાકુ મુક્ત ભારત અભિયાન' અંતર્ગત એન.એન.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંજયભાઈ પંડ્યા અને ડૉ. જાગૃતિબહેન પટેલે તમાકુ અને અન્ય વ્યસનોની ઘાતક અસરો અને પરિણામો વિષે વિષદ છણાવટ કરી હતી. તેમજ આ દિશામાં એન.એસ.એસ. સ્વયંસેવકો શું શું કરી શકે તેની ભૂમિકા રચી આપી હતી. આ તબક્કે પૂર્વ પોગ્રામ ઓફિસર ડૉ. સમીર પટેલે વિષયને અનુરૂપ સદ્રષ્ટાંત, સટીક અને રસપ્રદ બાબતોને આવરી લીધી હતી.



❊ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં તા.૧૨ ડીસેમ્બરના રોજ સ્વદેશી અભિયાન ઉજવણી સંદર્ભે એન.એસ.એસ. વિભાગ અને લાઈબ્રેરી વિભાગના સંયુક્ત ઉપક્રમે પુસ્તક પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. તેમાં ભારતીય અર્થતંત્ર વિષયક વિવિધ પુસ્તકો તેમજ અર્થશાસ્ત્રના મેગેઝીન વગેરે વિદ્યાર્થીઓ માટે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. વિભાગના પ્રો.ઓફિસર ડૉ. કુણાલ કપાસીએ ગાંધીજીના પુસ્તક હિંદ સ્વરાજ વાંચવાની ભલામણ કરતા કહ્યું હતું કે, નવી શિક્ષાનીતિમાં પ્રાચીન ભારતીય ઉદ્યોગોના શોધ અને સંશોધન પર ભાર મુકવામાં આવ્યો છે. પ્રાચીન ભારતની વિસરાયેલી નિર્દોષ કલાઓને પુનઃજાગૃત કરવા માટે કામ કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. પ્રિ.ડૉ. રીટાબેન પારેખે વિદ્યાર્થીઓને પ્રાચીન ભારતની સંસ્કૃતિ અને સ્ત્રી–પુરુષોની કળાઓ વિશે જાણી અને સફળ કારકીર્દિ બનાવવા પ્રેરણા આપી હતી. ગ્રંથપાલ ડૉ.વલ્લરીબેન હાથીએ વિદ્યાર્થીઓને ગ્રંથાલયના પુસ્તકોનો વધારે ઉપયોગ કરવા પ્રોત્સાહન આપ્યું હતું.

## ઉજવણી



❊ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઇમાં તા.૧૩–૧૦–૨૦૨૫ના રોજ ગ્રંથાલય વિભાગ દ્વારા વિકાસ સપ્તાહ–૨૦૨૫ની ઉજવણી અંતર્ગત પુસ્તક પ્રદર્શન અને વાંચનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષયો જેવા કે, ગુજરાતનો ઈતિહાસ, વિકાસ યોજનાઓ, ગુજરાતના પ્રવાસન સ્થળો, ગુજરાતનાં અને ભારતના મહાન વ્યક્તિઓની આત્મકથાઓ, ગુજરાતી ભાષા, અંગ્રેજી ભાષા, સ્પર્ધાત્મક પરીક્ષા વગેરેના પુસ્તકો વિદ્યાર્થીઓ માટે પ્રદર્શન અને વાંચન માટે મુકવામાં આવ્યાં હતાં. પુસ્તક પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પુસ્તક પ્રદર્શન નિહાળ્યું અને પોતાના રસપ્રદ પુસ્તકોનું વાંચન કર્યું હતું.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સંવિધાન દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ અને ગૌરવભેર માહોલમાં કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ભારતના સંવિધાન રચનાકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર

તથા તમામ સંવિધાન સભ્યોને યાદ કરીને સંવિધાન પ્રસ્તાવનાનું સમૂહવાંચન કર્યું, જેનાથી સંવિધાનિક મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બની. પ્રિ.ડૉ. હીનાબેન પટેલના સક્રિય માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં તેમણે પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં ભારતના સંવિધાનની રચના, તેની વિશેષતાઓ, નાગરિક અધિકારો અને કર્તવ્યો, લોકશાહી મૂલ્યો જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર પ્રકાશ પાડ્યો હતો.



❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના પ્રિ. ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શન અને પ્રેરણાથી એન.સી.સી. અને એન.એસ.એસ.ના વિદ્યાર્થી દવારા બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં બી.એ. સેમ–૫ની વિદ્યાર્થિની અસ્તુ સોલંકી એ સરસ્વતી વંદના કરી હતી. ત્યારબાદ પ્રિન્સિપાલશ્રીએ તેમના વ્યાખ્યાનમાં ભારતીય સંવિધાનની વિકાસયાત્રા અને સંવિધાન નિર્માણમાં ડૉ. આંબેડકરના પ્રદાન વિશે જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ સંવિધાનનો અભ્યાસ આવશ્યક રીતે કરવો જોઈએ.




❊ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં રાષ્ટ્રીય ગૌરવના પ્રતિક 'વંદે માતરમ્' ગીતને ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં વિશેષ ઉજવણીના ભાગરૂપે એન.સી.સી યુનિટ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીનો પ્રારંભ કૉલેજ પ્રાંગણમાં પ્રિ.ડૉ. એ. કે. પટેલ અને હિંમતનગર ૩૪ બટાલિયન યુનિટમાંથી પી.આઈ. દ્વારા લીલી ઝંડી બતાવી કરવામાં આવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે વંદે માતરમ્ દેશની સ્વતંત્રતા ચળવળનું પ્રેરક પ્રતિક છે અને તેની ૧૫૦મી વર્ષગાંઠ યુવા પેઢીને રાષ્ટ્રીય ચેતના સાથે જોડવાનો મહત્ત્વપૂર્ણ પ્રસંગ છે. આ રેલીનું સંચાલન અને માર્ગદર્શન એનસીસી પ્રોગ્રામ ઓફિસર ડૉ. હેમંત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના નેતૃત્વ હેઠળ કેડેટ્સે શિસ્તબદ્ધ રીતે 'વંદે માતરમ', 'ભારત માતા કી જય', 'રાષ્ટ્રગૌરવ અમારું અભિમાન' જેવા સૂત્રોચ્ચાર કરી શહેરમાં દેશભક્તિનો સંદેશ ફેલાવ્યો હતો.



❊ શ્રી વી.આર પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ.ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હવાલદાર રવિ કુમાર અને ગુરુદીપ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને એન.સી.સી. અને તેના મહત્ત્વ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તે ઉપરાંત એન.સી.સી. દિવસ નિમિત્તે એન.સી.સી.થી વિદ્યાર્થીઓ વધુ માહિતગાર થાય તે હેતુસર એન.સી.સી. કેડેટ્સની એન.સી.સી. વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં જજ તરીકે ભૂમિકા ડૉ. જયશ્રી દત્તાએ નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લેફ્ટનન્ટ ડૉ. હર્ષા ડાંગર દ્વારા કરવામાં આવ્યું હતું.



❊ શ્રી અને શ્રીમતી પી. કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે તા ૨૬–૧૨–૨૫ના રોજ બાલદિનની ઉજવણી સંદર્ભે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુરુ ગોવિંદસિંહ તથા તેમના પુત્રોના બલિદાનને યાદ કરીને ભારતના સાહસિક બાળકો અને તેમના જીવન વિશે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રામ, લક્ષ્મણ, મહાવીરસ્વામી વગેરેના બાળજીવનના પરાક્રમોને યાદ કરવામાં આવ્યા હતા. આ સંદર્ભે વિદ્યાર્થીઓને દસ્તાવેજી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. ગુજરાતના અસ્મિતા પુરુષ અને પાટણને સંસ્કૃત–પ્રાકૃત ક્ષેત્રે ગૌરવ અપાવનાર હેમચન્દ્રાચાર્યના દુહામાં પણ જણાવ્યું છે કે, પુત્ર જીવિત હોય ત્યારે પિતાની જમીન શત્રુ છીનવી લે તેવા પુત્રનું જીવન નિરર્થક છે. આ સંદર્ભે પ્રો.ઓ. ડૉ.કુણાલ કપાસીએ જણાવ્યું હતું કે – યુવાનોએ રાષ્ટ્રભાવના કેળવીને સતત દેશના હિત અંગે વિચારવું જોઈએ અને સમય આવે ત્યારે માતૃભૂમિ માટે બલિદાન આપવા માટે હંમેશ તૈયાર રહેવું જોઈએ.

❊ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કૉલેજ, પાટણના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા.૨૬–૧૨–૨૦૨૫ ના રોજ ગુરુ ગોવિંદસિંહજીના પ્રકાશપર્વના અવસરે 'વીર બાલ દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત 'ગુરુ ગોવિંદ સિંહજીનું જીવન ચારિત્ર્ય' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી તેમજ બાબા જોરાવરસિંહજી, બાબા ફતેહસિંહજી અને વીર બાલ

દિવસ અંગે પી.પી.ટી તથા વિડીયો વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યા હતા. પ્રો. લલીત એન. ગામીતે વીર બાલ દિવસ અંગે પોતાનુ વક્તવ્ય આપેલ અને વીર બાલ દિવસની પૂર્વ ઉજવણીના ભાગ રૂપે એન.એસ.એસ. કેમ્પ દરમિયાન તા.૨૪–૧૨–૨૦૨૫ ના રોજ અનુપમ પ્રાથમિક શાળાના બાળકોને 'ગુરુ ગોવિંદ સિંહજીનું જીવન ચારિત્ર્ય' નો પરિચય કરાવામાં આવેલ હતો.



✻ બી.કે. મર્કેન્ટાઈલ બેન્ક લો કૉલેજ, પાલનપુર ખાતે તા. ૧૮–૧૨–૨૦૨૫ના રોજ ગ્રાહક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાન તરીકે નિવૃત્ત ગ્રાહક સુરક્ષા અધિકારી એચ. એ. મીર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગ્રાહકોના અધિકારો, કાનૂની ઉપાયો અને ફરિયાદ નિવારણ અંગે સરળ ભાષામાં સમજાવ્યું હતું. વાસ્તવિક જીવનના વ્યવહારુ ઉદાહરણો દ્વારા તેમણે વિદ્યાર્થીઓમાં જાગૃતિ પેદા કરી અને સતર્ક તથા માહિતગાર ગ્રાહક બનવા પ્રોત્સાહિત કર્યા હતા. પ્રિ.ડૉ. આરતી દીવેના માર્ગદર્શન હેઠળ પ્રો. અંકિતા પ્રજાપતિ અને જયેશ માળી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



✻ મહિલા આર્ટસ કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગર ખાતે તા. ૧૬–૧૨–૨૦૨૫ ના રોજ પ્રિ.ડૉ. કનૈયાલાલ પટેલના પ્રેરણા અને અધ્યક્ષ સ્થાને માય ભારત સાબરકાંઠા, એન.એસ.એસ. વિભાગ અને જ્ઞાનધારા કમિટીના સંયુક્ત ઉપક્રમે 'કોમી એકતા દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન પદે માય ભારત સાબરકાંઠાના પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર કમલેશભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૧૬ જેટલી વિદ્યાર્થિનીઓએ કોમી એકતા સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ વણઝારા પૂનમ, દ્વિતીય ઉપાધ્યાય દિયા, તૃતીય રબારી સાનિયા વિજેતા થયા હતા. વિજેતાઓને શીલ્ડ અને મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રિન્સિપાલશ્રીએ વર્તમાન સમયમાં કોમી એકતાની જરૂરિયાત સંદર્ભે પોતાના સુંદર વિચારો મૂકી ભારત નિર્માણ માટે હાકલ કરી હતી.

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં તા. ૨૬–૧૨–૨૦૨૫ના રોજ શિખગુરુ ગોવિંદસિંહજીના પુત્રો સાહિબજાદા બાબા જોરાવરસિંહ અને બાબા ફતેહસિંહજી શહાદતની યાદમાં 'વીર બાલ દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિ. ડૉ. સુરેશભાઈ પટેલ તેમજ ડૉ. જે. કે. વ્હોરા એ ગુરુ ગોવિંદસિંહજીના પુત્રોના બલિદાન વિષે માહિતી આપી હતી. આ પ્રસંગે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં કૉલેજની પાંચ વિદ્યાર્થિની બહેનોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.



✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં તા.૧૭મી ડિસેમ્બર,૨૦૨૫ ના રોજ ઇનોવેશન ક્લબ અને CAN-DO એક્ટિવિટી અંતર્ગત 'નેશનલ એનર્જી કન્ઝર્વેશન ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાયન્સ કૉલેજ, નાગલપુરના વનસ્પતિ શાસ્ત્ર વિષયના અધ્યાપક ડૉ.અશોકકુમાર એચ. પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને આ દિવસના મહત્ત્વની સાથે સાથે ઊર્જાની બચત કરવા અંગે અવનવી પ્રયુક્તિઓ શીખવી હતી.



✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે સ્વદેશી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના સંયોજક શ્રીમહેન્દ્રભાઈ પ્રજાપતિએ વડાપ્રધાનશ્રી ના સ્વદેશી અભિયાનને જન જન સુધી પહોંચાડવા માટેની પહેલ કરી વિદ્યાર્થિનીઓને સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ કાર્યક્રમમાં એન.એસ.એસ.ની ૪૬ વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી.



✻ શ્રી સાર્વજનિક BSW/MSW કૉલેજ, મહેસાણા ખાતે સિવિલ હોસ્પિટલ, મહેસાણા દ્વારા રેડ રીબીન ક્લબ અંતર્ગત વિશ્વ એઇડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો હેતુ અને મહેમાનોના સ્વાગત બાદ ભાવેશભાઈ રાણા દ્વારા HIV/AIDS

જાગૃતિ અંગે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પોસ્ટર મેકિંગ અને ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં દિશા યુનિટના જીલ્લા સુપરવાઈઝર ભાવેશભાઈ રાણા, પ્રિ.ડૉ. કાન્તીબેન ત્રિવેદી, ICTC કાઉન્સેલર કુન્જનબેન સોલંકી, DSRC STI કાઉન્સેલર ઉષાબેન ચૌધરી, CSS વિહાલ કેર એન્ડ સપોર્ટ સેન્ટર હેમલતાબેન પરમાર, SSKM મેનેજર નીરૂબેન સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

## એન.સી.સી.



શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણાના એન.સી.સી. કેડેટ પટેલ વેદ કરજણ ડેમ, સુંદરપૂરા અને જૂણારાજ ખાતે યોજાયેલ ૬ કિમી થી ૨૬ કિમીના ટ્રેકિંગ અને કેવડીયા કોલોની મુલાકાતમાં સહભાગી થયા હતા. કેમ્પનું આયોજન ૨૫ નવેમ્બર થી ૨ ડિસેમ્બર દરમિયાન રાજપીપળા ખાતે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં સહભાગી થવા માટે આચાર્યશ્રી ડૉ. જે. કે. પટેલ અને લેફ્ટનન્ટ ડૉ. હર્ષા ડાંગર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## એન.એસ.એસ.




❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા મહેસાણાના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ લોકોને સાલ, સ્વેટર, ધાબળા જેવા ગરમ વસ્ત્રોની વહેંચણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રો.ઓ. ડૉ. વિશાલ જોષી અને ડૉ. કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.




❊ શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝા અને જનરલ હોસ્પિટલ, ઊંઝા તથા તાલુકા હેલ્થ ઓફિસના સંયુક્ત ઉપક્રમે વિશ્વ એઇડ્સ દિવસ નિમિત્તે કૉલેજના એન.એસ.એસ. તથા હેલ્થ એન્ડ હાઈજીન કમિટી સાયકોલોજી વિભાગ અને એન.સી.સી. વિભાગ દ્વારા પ્રિ. ડૉ. રાકેશ રાવ તથા તાલુકા હેલ્થ ઓફિસના ડૉ. પાર્થ ઓઝા તેમજ જનરલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. ગાર્ગી બેનના માર્ગદર્શન હેઠળ રેલી યોજાઇ હતી.



❊ શ્રીમતિ કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતિ એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના એન.એસ.એસ. વિભાગની એક દિવસીય શિબિર કાંકરેજ તાલુકાના નાના જામપુર ગામે તા. ૯–૧૨–૨૫ના રોજ સંપન્ન થઈ. 'પર્યાવરણ જાગૃતિ સમસ્યા પડકારો અને ઉકેલ'ની થિમ આધારિત શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ નાના જામપુર પ્રાથમિક શાળામાં પ્રિ.ડૉ. ડી. એસ. ચારણના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાનાજામપુર પ્રા. શાળાના આચાર્ય પ્રધાનજી ઠાકોર, સર્વે શિક્ષકો ગામના જાગૃત નાગરિકો શાળાના બાળકો કૉલેજના અધ્યાપકો તેમજ એન.એસ.એસ. સ્વયં સેવકો જોડાયા હતા.

## કાર્યક્રમ



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર તથા રોટરી ક્લબ ઓફ રાધનપુરના સંયુક્ત ઉપક્રમે ભક્તિનગર પ્રાથમિક શાળા, ગોચનાદમાં બાળકોનો સ્વેટર વિતરણ કાર્યક્રમ ઇસભા મલેકના અધ્યક્ષ સ્થાને યોજાયો. પ્રિ.ડૉ.સી.એમ.ઠક્કરે સ્વેટર વિતરણનો હેતુ અને પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. સ્કૂલના આચાર્યશ્રી અને સમગ્ર ટીમ પ્રત્યે તેમજ સૌજન્ય આપનાર મહાનુભાવો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ તા. ૧૩–૧૨–૨૦૨૫ના રોજ બાગમલ લક્ષ્મીચંદ પ્રાથમિક શાળામાં સ્વેટર વિતરણનો કાર્યક્રમ ડૉ. દિનેશભાઇ ઠક્કરના અધ્યક્ષ સ્થાને યોજાય હતો.




❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના સાયબર સેલ વિભાગ દ્વારા તા.૨૯-૧૧-૨૦૨૫ના રોજ રસિકલાલ નાથાલાલ શાહ રંગવાળા સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઇન્ટરનેટનો સુરક્ષિત ઉપયોગ, સાયબર ક્રાઇમના પ્રકારો, સાયબર બુલિંગ, પાસવર્ડ સુરક્ષા તથા સોશિયલ મીડિયા સેફ્ટી જેવી અગત્યની બાબતો અંગે માર્ગદર્શન આપવાનો હતો. સ્કૂલના આચાર્ય સુશીલાબેન ગોસ્વામી તથા સ્કૂલ સ્ટાફે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આવા જ્ઞાનવર્ધક કાર્યક્રમો નિયમિત રીતે મળતા રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.



❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં બી.કોમના વિદ્યાર્થીઓ માટે ડિજિટલ માર્કેટિંગ અંગે કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં પુના ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાથી પધારેલ વક્તા શ્રી ઉત્કર્ષ ઉપાધ્યાય દ્વારા વિદ્યાર્થીઓને ડિજિટલ માર્કેટિંગ અંગે ખૂબ સરસ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં સ્વદેશી જાગરણ અન્વયે શ્રી કૌશલ્યા કુંવરબાએ સાંપ્રત સમયને અનુલક્ષીને સ્વદેશીનું મહત્ત્વ, તે દ્વારા સ્વનિર્ભરતા અને સ્વવિકાસની ઓળખ, રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોનો ફાળો, વ્યાપકહિત દ્રષ્ટિકોણ રાખવા આહવાન કર્યું હતું. આ ક્ષણે તેઓશ્રીએ આ સંસ્થા સાથેના સંસ્મરણો વાગોળ્યા હતાં. ત્યારબાદ સ્વદેશી અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. વિદ્યાર્થિનીઓની હસ્તકલા પ્રવૃત્તિ નીહાળી પ્રોત્સાહિત કર્યા હતા. પ્રિ.ડૉ. એ. કે. પટેલના માર્ગદર્શન તળે એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંજય પંડ્યા અને ડૉ. જાગૃતિ પટેલે પ્રસ્તુત કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી ખાતે રાષ્ટ્રીય સંરક્ષણ દિવસની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ ઊર્જાના સ્રોતોના રક્ષણ માટેના પોસ્ટર ઇનોવેશન કલબના ઇન્ચાર્જ ડૉ. માલતી પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યા હતા. સમગ્ર વિશ્વમાં દર વર્ષે વધતી જતી વસ્તીની સાથે ઊર્જાની માંગ વધી રહી છે. કોલસો, ઇંધણ, ક્રુડઓઇલ, કુદરતી ગેસ જેવા વિવિધ સ્રોતો દ્વારા ઊર્જા ઉપલબ્ધ થાય છે. પરંતુ દિનપ્રતિદિન આ સ્રોતની માંગ વધતા કુદરતી સંસાધનોમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. આપણી આવનારી પેઢીના ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઊર્જાનું સંરક્ષણ કરવું ખૂબ જ જરૂરી બની ગયું છે. જેને ધ્યાને લઇ પ્રિ.ડૉ. એ.કે. પટેલના નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો.

## જાગૃતિ




શ્રીમતી કાંતાબેન કિર્તીલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતિ લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા ખાતે IQAC અને KCG અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫-૧૨-૨૦૨૫ ના રોજ પ્રિ.ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શન હેઠળ "Cyber Security Awareness and Creative Handholding (CAWACH)" વિષય પર પોસ્ટર પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવી તથા ડિજિટલ યુગમાં સુરક્ષિત અને જવાબદાર ઑનલાઇન વર્તણૂક માટે માર્ગદર્શન આપવાનો હતો. આજના સમયમાં વધતા સાયબર ગુનાઓ, ઑનલાઇન ફ્રોડ, ડેટા ચોરી અને સોશિયલ મીડિયાના દુરુપયોગ વિશે વિદ્યાર્થીઓને સચેત રહેવાની જરૂરિયાત પર ભાર મૂકી તેમણે જણાવ્યું કે સાયબર સુરક્ષા માત્ર ટેકનિકલ જ્ઞાન પૂરતું સીમિત નથી, પરંતુ દરેક નાગરિક માટે આવશ્યક જાગૃતિ છે. "Creative Handholding" દ્વારા વિદ્યાર્થીઓને વ્યવહારુ રીતે માર્ગદર્શન આપવાથી તેઓ ડિજિટલ દુનિયામાં વધુ સુરક્ષિત બની શકે છે. વિદ્યાર્થીઓએ મજબૂત પાસવર્ડ, ફિશિંગથી બચાવ, સોશિયલ મીડિયા પર ગોપનીયતા, ઑનલાઇન ફ્રોડથી સુરક્ષા, સાયબર કાયદા અને જવાબદાર ડિજિટલ નાગરિકતા જેવા વિષયો પર માહિતીપ્રદ અને સર્જનાત્મક પોસ્ટરો રજૂ કર્યા હતા.

## તાલીમ



શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવવા અને તેમની સર્જનાત્મક ક્ષમતાને ઉજાગર કરવા માટે ભરતગુંથણ/હસ્તકલા તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન પ્રિ.ડૉ. અજય પટેલના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ તાલીમ તા. ૧૧ થી ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન યોજાઈ હતી. આ સમગ્ર તાલીમ કાર્યક્રમ એન.એસ.એસ. પ્રો.ઓ. ડૉ. જાગૃતિ પટેલના કુશળ માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓએ વેસ્ટ બંગડીઓને દોરા, મણી-મોટી તથા રંગબેરંગી કલાત્મક સામગ્રીથી આકર્ષક રીતે સજાવટ કરવાની પ્રાયોગિક તાલીમ મેળવી હતી. સાથે સાથે હોમમેઇડ ઈમિટેશન જ્વેલરી જેવી કે હાર, બ્રેસલેટ, ઈયરિંગ્સ, વીંટી, તેમજ વેસ્ટ મટિરિયલમાંથી ઉપયોગી અને શોભાદાયક વિવિધ હસ્તકલાની વસ્તુઓ બનાવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પરંપરાગત ભારતીય હસ્તકલા પ્રત્યે લાગણી વિકસાવવી, સર્જનાત્મક વિચારશક્તિને પ્રોત્સાહન આપવું અને સ્વરોજગારીની નવી દિશાઓ તરફ માર્ગદર્શન આપવાનો હતો.

## પરીક્ષા



✻ શ્રીમતી કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા ખાતે IQAC તથા ગાંધી રિસર્ચ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા.૨૨-૧૨-૨૦૨૫ ના રોજ પ્રિ.ડૉ. ડી.એસ.ચારણના માર્ગદર્શન હેઠળ ગાંધી વિચાર સંસ્કાર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં મહાત્મા ગાંધીજીના વિચારો, મૂલ્યો અને જીવનદર્શન અંગે સમજ વિકસાવવી તથા સત્ય અહિંસા, સેવા અને શિસ્ત જેવા માનવીય સંસ્કારોનું સંવર્ધન કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સીપાલશ્રીએ પરીક્ષાના મહત્ત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે આજના આધુનિક અને સ્પર્ધાત્મક યુગમાં ગાંધીજીના વિચારો માનવીને નૈતિક માર્ગદર્શન આપે છે. વિદ્યાર્થીઓમાં માત્ર શૈક્ષણિક જ્ઞાન નહીં પરંતુ સંસ્કાર નૈતિકતા અને સામાજિક જવાબદારી વિકસાવવીએ શિક્ષણનું મહત્વપૂર્ણ કાર્ય છે. પરીક્ષાના સંયોજક મહેશભાઈ પરમારે પરીક્ષાની રૂપરેખા સમજાવી અને ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન, મહારાષ્ટ્ર દ્વારા ગાંધી વિચારના પ્રસાર માટે કરવામાં આવતા પ્રયત્નોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે આવી પરીક્ષાઓ દ્વારા વિદ્યાર્થીઓ ગાંધીજીના જીવન, તેમના આશ્રમ જીવન, સ્વદેશી વિચાર, સ્વચ્છતા, આત્મનિર્ભરતા અને સર્વોદય જેવા સિદ્ધાંતોને સમજી શકે છે.

## રેલી




શ્રીમતી કાંતાબેન કિર્તીલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતિ લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા ખાતે IQAC તથા KCG અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા.૧૭-૧૨-૨૦૨૫ ના રોજ પ્રિ.ડૉ. ડી.એસ.ચારણના માર્ગદર્શન હેઠળ "Cybersecurity Awareness And Creative Handholding (CAWACH)" વિષય પર નારા સાથે જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવી તથા ડિજિટલ યુગમાં સુરક્ષિત અને જવાબદાર ઑનલાઈન વર્તણૂક માટે પ્રેરણા આપવાનો હતો. વિદ્યાર્થીઓએ હાથમાં પ્લેકાર્ડ અને બેનરો લઈને 'મજબૂત પાસવર્ડ અપનાવો', 'ફિશિંગથી સાવચેત રહો', 'તમારી માહિતી સુરક્ષિત રાખો', 'સાયબર સુરક્ષા – દરેકની જવાબદારી', 'ડિજિટલ દુનિયામાં સચેત નાગરિક બનો' જેવા અસરકારક નારા લગાવ્યા હતા.

## સ્પર્ધા

✻ શ્રીમતી આર.આર.એચ પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરના યજમાન પદે હે.ઉ.ગુ.યુનિ. આંતર કૉલેજ હેન્ડબોલ ભાઈઓ તથા બહેનોની સ્પર્ધા તા.૧૯ તથા ૨૦ મી ડીસેમ્બર ૨૦૨૫ના રોજ યોજાઈ હતી. હેન્ડબોલ ભાઈઓની સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી ૧૫ કૉલેજોમાંથી સ્વામીનારાયણ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વિજાપુરની ટીમ ચેમ્પિયન, આર. આર.મેહતા કૉલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, પાલનપુરની ટીમ રનર્સઅપ ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન, હે.ઉ.ગુ પાટણની ટીમ ફર્સ્ટ થર્ડ તથા શ્રી પી.કે. કોટાવાલા આર્ટસ કૉલેજ, પાટણની ટીમ સેકન્ડ થર્ડ ક્રમે વિજેતા થઇ હતી. હેન્ડબોલ બહેનોની સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી ૧૪ કૉલેજોમાંથી ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન હે.ઉ.ગુ.પાટણની ટીમ ચેમ્પિયન, એમ. એન. કૉલેજ, વિસનગરની ટીમ રનર્સઅપ, યજમાન કૉલેજ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરની ટીમ ફર્સ્ટ થર્ડ તથા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઇડરની ટીમ સેકન્ડ થર્ડ ક્રમે વિજેતા થઇ હતી.



✻ શ્રી વી.આર.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણાના વિદ્યાર્થીઓએ પાંચોટ ખાતે યોજાયેલ તાલુકા કક્ષા ખેલ મહાકુંભમાં યોગાસન સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં કૉલેજની એમ. કોમ સેમ.–૧ ની વિદ્યાર્થિનીઓએ બહેનો માટેની યોગાસન સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ ક્રમાંક વિધિ, દ્વિતીય ક્રમાંક નિયતિ અને તૃતીય ક્રમાંક પ્રિયાંશીએ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે ભાઈઓ માટેની યોગાસન સ્પર્ધામાં એમ. કોમ. સેમ.૧ના વિદ્યાર્થી કુશવાહા સૌરભે દ્વિતીય અને બી. કોમ. સેમ. ૩ ના વિદ્યાર્થી સથવારા ખુશે તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. જે. કે. પટેલના માર્ગદર્શન હેઠળ યોગા કોચ ડૉ. હર્ષા ડાંગર દ્વારા વિદ્યાર્થીઓને યોગા તાલીમ પૂરી પાડવામાં આવી હતી.

## સેમિનાર




✻ શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, સતલાસણા દ્વારા ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ગુજરાત નોલેજ કન્સોર્ટિયમ, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના સંશોધન અને સુવિધાઓ યોજનાના પ્રમોશન દ્વારા પ્રાયોજિત ‘સાયબર સુરક્ષા અને વિકાસ’ વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય ઉભરતા સાયબર જોખમો અને રાષ્ટ્રીય વિકાસ, શાસન, અર્થતંત્ર અને સમાજ પર તેમની અસર વિશે જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમે સાયબર સુરક્ષા, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા સુરક્ષા, સાયબર કાયદા અને ટકાઉ વિકાસ સંબંધિત સમકાલીન મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક આંતરશાખાકીય પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી બી.પી. શાહ વિદ્યાસંકુલ, સતલાસણાના અધ્યક્ષ બચુભાઈ શાહ અને હેમ.ઉ.ગુ.યુનિ., પાટણના કુલપતિ ડૉ. કિશોરકુમાર પોરિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## ‘ઉદીચ્ય’ પાક્ષિકની વિગત

ફોર્મ નં. ૪ (અધિનિયમ–૮)

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનનું નામ | : | ‘ઉદીચ્ય’ (ગુજરાતી) |
| ૨. સામયિકતા | : | પાક્ષિક |
| ૩. તંત્રી | : | ડૉ. રજનીકાન્ત પટેલ |
| પ્રકાશક | : | ડૉ. રોહિતકુમાર એન. દેસાઇ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | યુનિવર્સિટી ગ્રંથપાલ<br>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી<br>ગ્રંથાલય, યુનિવર્સિટી રોડ,<br>પાટણ – ૩૮૪૨૬૫ |
| ૪. માલિક | : | કુલસચિવ<br>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,<br>યુનિવર્સિટી રોડ, પાટણ – ૩૮૪૨૬૫ |

હું ડૉ. રજનીકાન્ત પટેલ યુનિવર્સિટી ગ્રંથપાલ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ આથી એકરાર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સહી

**(ડૉ. રજનીકાન્ત પટેલ)**

યુનિવર્સિટી ગ્રંથપાલ

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઈપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) ‘ઉદીચ્ય’માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ ઈ-મેઈલ ઉપર મોકલી આપવા વિનંતી

**ડૉ. રજનીકાન્ત પટેલ** (યુનિવર્સિટી ગ્રંથપાલ)

શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

E-Mail : udichyahngu@gmail.com

## સબરસ

ચંગુ : ભાઈ ક્યારેય કોઈની હાય ન લેવી.

મંગુ : કેમ ભાઈ શું થયું? બોલ તો ખરા.

ચંગુ : મારી પડોશણે હાય કહ્યું અને હું તેની સામે મલકાયો હતો, તે દિવસને આજે અઠવાડિયું થયું પત્ની નથી ઘર ઘુસવા દેતી, બહાર જ રાખે છે !

**HNGU**
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian)

Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/–   કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–